**CC.NO.46.2026**

**<u>આંક–૧ લગત હુકમ</u>**

૧. સદર કામે આરોપી સામે ધી ગુજરાત નશાબંધી અધિનિયમ–૨૦૧૬ ની કલમ ૬૫એએ મુજબનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.હાલના આરોપીને સમન્સ કરતા આજરોજ અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેલ છે. ગુન્હા બાબતે આરોપી પોતાની મરજી અને સ્વૈચ્છાએ સદર ગુનો કબુલ કરવાનુ જણાવે છે. અને તે બાબતે તેણે પોતાની ગુનાની કબુલાત પુરશીશ રજુ રાખેલ છે. જેથી આરોપી સ્વૈચ્છીક કબુલાત કરવા હોવાનું ફલીત થાય છે.

૨. નામ. ગુજરાત વડી અદાલત દવારા **સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોર ૨૦૦૫ (૧) જીએલઆર ૭૦૯** ના ચુકાદામાં એવું પ્રસ્થાપિત કરેલ છે કે The word ''special' has to be understood in contradiction to word "general" or "ordinary". It becomes apperant and unquestioable from the language employed in the proviso that the reason to be recorded in writing in judgement for less than the minimum sentence, on the ground of presence of special and adequate reasons in the light of sentencing process must be special and adequate to the circumstances in a given case and peculiar to the accused in each case. It is therefore very clear that discretionary jurisdiction empowered in the trial magistrates must be based on and in presence special and adequate reasons to the contrary to be mentioned in the judgement of the court for each case and each accused. ( Para 42; See also Para 35, 43 and 44) જે પ્રસ્થાપિત સિધ્ધાંતને હાલના કેસની હકીકત સાથે લક્ષમાં લેવામાં આવે તો, હાલના જે આરોપી/આરોપીઓ દવારા કબુલાત કરવામાં આવે છે, તેમની સામે કાયદામાં પ્રસ્થાપિત કરેલ સજાની જોગવાઈ કરતા, ઓછી સજા કરવી મુનાસીફ જણાય છે.

૩. સદર કેસનું રેકર્ડ તથા પોલીસ પેપર્સ ધ્યાને લેતાં તેમજ આરોપીની આર્થિક સ્થિતિ તેમજ હાલની શારીરિક તેમજ માનસિક પરીસ્થિત ધ્યાને લેતા હાલ ગુના અંગે દયાની માંગણી જોતા, આરોપીને સજા કરતી વખતે ઉદાર વલણ રાખી સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાઈ તેમ જણાતું હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>::–હુકમ–::</u>**

આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની ક.૨૬૪ મુજબ ઉપરોકત ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા. ૩૦૦/– (અંકે રૂપિયા ત્રણસો પુરા) દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ભરવામાં કસુર કરે તો તેને દિન–૩ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

અપીલ સમય બાદ સદર કામે મુદામાલ પૈકી જો કોઈ વાહન કે મોબાઈલ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે આથી શરતો વિના કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે. મુદામાલ પૈકી પ્રોહીબીશનનો મુદામાલ અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૧મી માહે જુલાઈ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સભંળાવી મારી સહીથી જાહેર કર્યો.

**તારીખ :૧૧/૦૭/૨૦૨૬.**
**સ્થળ : હારીજ.**

**(એમ.ડી.જાદવ)**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ ,હારીજ**
**જજ કોડ નં– જીજે–૦૧૭૪૬**